## પ્રવચન નં. ૧૫ ગાથા - ૪ તા. ૨૩-૬-૭૮ શુક્રવાર

હવે તે એકત્વની અસુલભતા બતાવે છે.

રાગથી વિભક્ત ( એટલે ) ભિન્ન અને સ્વભાવથી એકત્વ એ સુલભ નથી દુર્લભ છે. અનંતકાળથી કર્યું નથી એટલે દુર્લભ છે. અસુલભતા નથી એટલે સુલભ નથી. આહાહા !

**सुदपरिचिदाणुभूदा सव्वस्स वि कामभोगबंधकहा।**
**एयत्तस्सुवलंभो णवरि ण सुलहो विहत्तस्स।।४।।**

**શ્રુત-પરિચિત,-અનુભૂત સર્વને કામભોગબંધનની કથા;**
**પરથી જુદા એકત્વની ઉપલબ્ધિ કેવળ સુલભ ના. ૪.**

" આ સમસ્ત જીવલોકને " એમાં બધા આવી ગયા નિગોદના જીવ, જે હજી ત્રસપણું પામ્યા નથી, એટલા અનંતા જીવ પડયા છે નિગોદમાં, સૂક્ષ્મ નિગોદ, બાદર નિગોદ એવા જીવો

છે કે જે કોઈ દિ ' હજી ત્રસપણું પામ્યા નથી. તો પણ અહીં તો આચાર્ય કહે છે, સમસ્ત જીવલોકને રાગ, કામ એટલે રાગ અને ભોગ એટલે એને ભોગવવું. એવી કથા, ઇચ્છા કરવી અને ઇચ્છાને ભોગવવી, એવી વાર્તા તો અનંતવાર તેં સાંભળી છે. આહાહા ! રાગ કરવો અને રાગને ભોગવવો એવો ઉપદેશ પણ તેં સાંભળ્યો છે અને એવા ભાવપણ તેં સાંભળ્યાં છે. આહાહા ! એકેંદ્રિય જીવે પણ આ સાંભળ્યું છે સાંભળ્યાનો અર્થ એ કે રાગને એ વેદે છે એટલે એનો અનુભવ છે એટલે સાંભળ્યું હતું એ એનું પરિણામ આવી ગયું. આહાહા !

નિગોદના જીવ, બટાટા, સકરકંદ( માં રહેલ ), આહાહા ! એ જીવ પણ કેટલાંક હજી નીકળ્યા નથી બહાર, તો પણ એ કામભોગની કથાનો અનુભવ એને છે. રાગનો એને અનુભવ છે એથી સાંભળ્યું અને પરિચય તો એમાં આવી ગયો. સાંભળીને પરિચય કરીને અનુભવ હતો એનું પરિણામ તો એ હતું. આહાહા !

એ સમસ્ત જીવલોક, એકેંદ્રિયથી માંડીને નવમી ગૈવેયક ગયા જે મિથ્યાદૃષ્ટિ સાધુ, જૈનનો સાધુ થઈ પંચમહાવ્રત પાળી, સ્ત્રી કુંટુંબ રાજ છોડી અનંતવાર એવું મુનિપણું લીધુ, કારણ કે એ રાગ છે, એ રાગની વાર્તા સાંભળીને રાગ એણે કર્યો અને ભોગવ્યો છે. આહાહા ! જેમ એકેંદ્રિયના જીવને રાગનો અનુભવ છે, એમ નવમી ગ્રૈવેયકે જનારો દ્રવ્યલિંગી જૈન સાધુ એ પણ દ્રવ્યલિંગી એટલે નગ્ન, વસ્ત્રવાળાને તો દ્રવ્યલિંગેય કહ્યાં નથી. આકરું કામ છે. મોક્ષમાર્ગ પ્રકાશકમાં તો ચોખ્ખું કહ્યું છે વસ્ત્ર સહિત સાધુપણું માને એ બધા ગૃહિત મિથ્યાદૃષ્ટિઓ છે. આહાહા ! આકરું કામ બહુ ભાઈ, સ્ત્રીને સાધુપણું માને, સ્ત્રીને કેવળજ્ઞાન માને, સ્ત્રીને તીર્થંકર માને ' મલ્લિનાથ ', એ બધું ગૃહિત મિથ્યાત્વ છે. આકરું કામ છે બાપુ, શું થાય ?

એવા રાગની વાત સમસ્ત જીવલોક, કામભોગ સંબંધી કથા, કામ એટલે રાગ અને ભોગ એટલે રાગનું કરવું ને રાગનું ભોગવવું, રાગનું કર્તાપણું અને રાગનું ભોગવવાપણું, આહાહા ! શુભભાવ તો નિગોદમાંય થાય છે, જે જીવો બહાર આવ્યા નથી, એ જીવોને શુભભાવ તો છે ત્યાં, ભગવાન પરમાત્મા તો એમ કહે છે, લસણ ડુંગળીના જીવને શુભભાવ તો છે. ક્ષણમાં શુભ, ક્ષણમાં અશુભ, ક્ષણમાં શુભ અને ક્ષણમાં અશુભ ( ભાવ થાય છે. ) બહાર સાધન નથી પણ આત્મા છે, તેથી કર્મધારામાં શુભ–અશુભ ધારા તો એનેય છે. એ કોઈ નવી ચીજ નથી. આહાહા ! એમ બહાર માણસ થઈને સાધુ થાય અને મહાવ્રત આદિ પાળે તો એ શુભભાવ અને રાગની ક્રિયા છે. આહાહાહાહા !

એવી રાગની ક્રિયા કરવી એવું સાંભળ્યું છે, અગીયારમી ગાથામાં તો આવ્યું ને ભાઈ, કે એ ભેદરૂપ ભાવનો તો અનાદિનો પક્ષ છે અને ભેદની વાર્તા કહેનારા પણ પરસ્પર મળે છે ઘણાં ! હા, બરાબર છે એકદમ કાંઈ જણાતું હશે કાંઈ સમકિત, ભક્તિ ભગવાનની દયા દાન પૂજા એ કરે, તપસ્યાઓ કરે, કંઈક કર્મ ઓછા થાય ( તેથી સમકિત પમાય ), ધૂળમાંય કંઈ તપસ્યા હતી કે દિ ' તારી, એ અપવાસ છે, એ ઉપવાસ નથી, એ તો માઠો વાસ છે. સ્વરૂપમાં જ્યાંસુધી દૃષ્ટિ નથી અને ઠરે નહિં ત્યાં સુધી, ઉપવાસ એને હોઈ શકે જ નહિં. ઊપ નામ સ્વરૂપ શુદ્ધ ચૈતન્યની સમીપમાં વસવું એનું નામ ઉપવાસ, આત્મજ્ઞાન વિના, સમ્યગ્દર્શન વિના આ રાગની ક્રિયા અપવાસ આદિની, એ તો બંધનું કારણ ( છે ). આહાહા ! એ રાગની ક્રિયા કરી

છે અને એને ભોગવી છે.

" એકપણાથી વિરૂદ્ધ હોવાથી, " આહાહા ! જો કે રાગનું કરવું અને રાગનું ભોગવવું એ એકપણું જે વસ્તુ છે જિન સ્વરૂપી પ્રભુ ( આત્મદ્રવ્ય ) એમાં આ ભાવ ' વિરૂદ્ધ હોવાથી અત્યંત વિસંવાદી છે. ' આહાહા ! વીતરાગ માર્ગ છે ભાઈ, વીતરાગતા અંદર જ્યાં સુધી ન પ્રગટે, વીતરાગ સ્વરૂપ જ પ્રભુ છે, જિન સ્વરૂપી જ આત્મા, એના સ્વરૂપની વીતરાગતા, પર્યાયમાં ન પ્રગટે અને એની પર્યાયમાં રાગની એકતાપણે ભાવ વર્તે, આહાહા ! એ અત્યંત વિસંવાદ છે, દુઃખરૂપ છે, આહાહા ! આકુળતાને ઉત્પન્ન કરનારી એ દશા છે.

શુદ્ધ સ્વરૂપ ત્રિકાળી શુદ્ધ સ્વરૂપ તે આત્મા, એમાં પુણ્ય પાપ છે એ કાંઈ આત્મા નથી. એથી એ પુણ્ય પાપની ક્રિયા કરવી અને એકપણામાં બેપણાને કરવું એ વિરૂદ્ધ હોવાથી અત્યંત દુઃખરૂપ છે અથવા અત્યંત બૂરું કરનારી છે. આહાહાહા ! ભગવાન આત્મા વીતરાગ જિન મૂર્તિ પ્રભુ એમાં એ દયા, દાન, વ્રત ભક્તિનો રાગ, આહાહા ! કહે છે કે એ બૂરું કરનારી છે એ વાત, આત્માનું ભૂંડું કરનારી છે. આ વાત સાંભળવી ? આહાહા !

ઘણો ફેરફાર થઈ ગયો છે એટલે આકરું પડે ! પણ વસ્તુ તો આ છે. ત્રણે કાળ અનંત તીર્થંકરો, વર્તમાનમાં પ્રભુ ( તીર્થંકરો ) બીરાજે છે એ આ જ વાત કરી રહ્યા છે. આહાહા !

આ સમસ્ત જીવલોકને રાગ કરવો અને રાગનું ભોગવવું, એકપણાથી વિરૂદ્ધ હોવાથી અત્યંત બૂરું કરનારી છે. આહાહા ! " વર્તમાન રાગ બૂરું કરે છે અને એના ફળ તરીકે બૂરું કરનારી છે. " આહાહા ! અહીં તો એમ કહે કે પહેલા શુભ રાગ કરો કરતાં કરતાં સ્વર્ગમાં જશો અને ત્યાંથી ભગવાન પાસે જઈને સમકિત પામશો. અહીં તો કહે છે કે રાગ તો બૂરું કરનારો છે. હવે એનું શું થાય ? અત્યંત બૂરું કરનારો છે, ભૂંડું કરનારો છે. આહા ! ' અત્યંત ' છે ને શબ્દ ? અત્યંત વિસંવાદ છે. આહાહા ! ભગવાન જિન સ્વરૂપ છે ને પ્રભુ ! " ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન, " એ રાગની એકતા તોડીને સ્વરૂપની એકતા કરે તે જૈન છે. વાડાના જૈન, જૈન કહેવાય એ કાંઈ જૈન નથી. આહાહા !

રાગ જે વિકલ્પ છે દયા, દાન, વ્રત આદિનો એનાથી પણ ભિન્ન પડી અને શુદ્ધ ચૈતન્યની અંતર દૃષ્ટિનો અનુભવ એ જૈનપણું છે. એને સર્વજ્ઞ પરમાત્મા જૈન કહે છે. બાકી વાડામાં જૈન પડયા એને જૈન કહેતા નથી. આહાહા ! ( જેમ ) કાળીજીરીની કોથળી હોય ને ઉપર સાકર નામ આપે એટલે કાંઈ કડવાશ મટી જાય ? આહાહા ! ( એમ ) અંદરમાં જ્યાં વિકલ્પ રાગ છે ઝેર, એને પોતાનો લાભ દાયક માને, આહાહા ! એથી ત્યાં આગળ મિથ્યાત્વપણું ચાલ્યું જાય ? આહાહા ! એથી ત્યાં આગળ અજૈનપણું છે એ ટળી જાય ? આહાહા ! રાગની એકતા તોડીને સ્વરૂપની એકતા કરે તેનું નામ અહીંયા જૈન કહેવામાં આવે છે. જૈન કોઈ સંપ્રદાય નથી, જૈન કોઈ વાડો નથી, જૈન કોઈ ગચ્છ વાડો નથી, વસ્તુનું સ્વરૂપ આવું છે તેને જૈન કહે છે. આહાહા ! આકરું કામ ઘણું !!

તોપણ, એવું અત્યંત બૂરું કરનારી છે તોપણ, રાગ કરવો અને રાગ ભોગવવો એકપણાથી વિરૂદ્ધ હોવાથી, " તો પણ પૂર્વે અનંતવાર સાંભળવામાં આવી છે. " કહેનારા બધા એ જ મળ્યા છે એને, રાગ કરો, આ કરો, વ્રત પાળો ભક્તિ કરો, પૂજા કરો, કરતાં કરતાં તમારું આગળ

કલ્યાણ થઈ જશે. એવા કહેનારા મળ્યા અને સાંભળ્યું તેં અનંત વાર. આહાહા ! કીધું ને ? સાંભળવામાં આવી છે એનો અર્થ શું થયો કે કહેનારા એવા મળ્યા છે એને ત્યારે સાંભળ્યું ને ? આહાહા !

જ્યાં જુઓ ત્યાં એ જ વાત મળશે અને એ તેં અનંતવાર સાંભળી છે એ વાત. આહાહા ! પુણ્યનો ભાવ દયા દાનનો વ્રતનો રાગ એ કરવો અને ભોગવવો એવી વાત તેં અનંતવાર ગુરુ પાસે, તારા કુગુરુથી તો આવી વાત અનંતવાર સાંભળી છે. એનાથી લાભ મનાવનારા એ ગુરુ નથી કુગુરુ છે. આહાહા ! આવી વાતો આકરી બહુ !

આ તો સત્યનું ઉદ્‌ઘાટન છે હોં. કોઈની નિંદાની વાત નથી, એ તો વસ્તુ તો વસ્તુ છે બાપુ. આહાહા ! એનો આત્માય પણ ભગવાન છે, પણ વસ્તુની ખબર વિના દુઃખી છે. એ સત્યની ઉદ્‌ઘાટન પ્રસિદ્ધિ થાય છે. કોઈ વ્યક્તિનો અનાદર કે નિંદા નથી અરે ! એ પણ પ્રભુ છે આત્મા છે ભાઈ ! આહાહા !

પૂર્વે અનંતવાર સાંભળવામાં આવી છે. તો સમસ્ત જીવલોકમાં તો એકેન્દ્રિય એમાં આવી ગયાને ? હેં ? એકેન્દ્રિય ( કદી ) બહાર નીકળ્યા નથી, પણ અનુભવમાં છે તો સાંભળવામાં આવી ગયું છે. આહાહા ! ઓહોહો ! એટલા જીવનો થોકડો પડયો છે. આહાહા ! એક લસણની રાઈ જેટલી કટકી, એમાં અસંખ્ય તો શરીર અને એક શરીરમાં અનંતા જીવ. આહાહા ! એવો આખો લોક સૂક્ષ્મ નિગોદથી ભર્યો છે. ચૌદ બ્રહ્માંડ અહીંયાય અનંત છે, અનંત અનંત અનંત સૂક્ષ્મ નિગોદ ! આહાહા ! એક શરીરને અનંતમેં ભાગે સિદ્ધ થયા છે, બાકી બધા રખડતા પડયા છે, એ બધા જીવે આવી વાત સાંભળી છે કહે છે. ભલે માણસ ન થયા હોય, પણ એ અંદર રાગનો અનુભવ કરે છે, ( ને ) સ્વરૂપની ખબર નથી તો એ બધાએ રાગનું વેદન કર્યું એ સાંભળ્યું ને પરિચયમાં આવી ગયું. અનુભવમાં આવી ગયું. આહાહાહા !

પૂર્વે અનંતવાર સાંભળ્યું છે, અનંતવાર કીધી, અનંતવાર, અનંત કાળ ગયો ને ? મુનિપણું દ્રવ્યલિંગીપણું પણ અનંતવાર લીધું છે, એકવાર નહિ અનંતવાર ભાવપાહુડમાં તો પાઠ છે કે દ્રવ્યલિંગ ધારણ કરીને પણ જૈન નગ્નપણું, પંચમહાવ્રત ધારણ કરીને, કોઈ ક્ષેત્ર બાકી નથી કે જ્યાં અનંતવાર પાછો ઊપજ્યો ન હોય. ભાવપાહુડમાં આવ્યુ છે. આહાહા ! વસ્ત્ર સહિત તો મુનિપણું તો છે જ નહીં. પણ નગ્નપણું છે અને પંચમહાવ્રત પાળ્યાં છે એવાં દ્રવ્યલિંગી પણ આત્મજ્ઞાન ન મળે, એ રાગથી ભિન્ન ચૈતન્ય છે એની ખબરું ન મળે એવા જીવો, આહાહા ! અનંતવાર એવા દ્રવ્યલિંગ ધારણ કર્યા, અને પછી પણ કોઈ જીવ ખાલી નથી કે દ્રવ્યલિંગ ધારણ કર્યા પછી અનંતવાર જન્મ્યો અને મર્યો ન હોય. એ ભાવપાહુડમાં લિંગપાહુડમાં પાઠ છે. આહાહા ! એટલીવાર નગ્નપણું અને પંચ મહાવ્રતના પરિણામ ( જે ) રાગ છે એ તો રાગ છે, આહાહા ! એટલી વાર તેં સાંભળ્યું અને અનુભવમાં આવ્યું છે, કે અનંતવાર તેં કર્યું, અને પછી પણ એવા દ્રવ્યલિંગ ધારણ કર્યાં અને સ્વર્ગમાં ગયો અને એના પછી પણ કોઈ ક્ષેત્ર બાકી નથી રહ્યું કે જ્યાં તું અનંતવાર જન્મ્યો ને મર્યો ન હોય. આહાહાહાહા ! કેટલા અવતાર થયા ઈ ? શું કીધું સમજાણું ? દ્રવ્યલિંગ ધારણ કરીને પણ, પછી પણ અનંત જન્મ મરણ કોઈ સ્થાનમાં નથી કર્યાં એમ નહિં. આહાહાહા ! આવું છે.

એવા અનંતવાર અનંત અનંત ભવ પહેલા, અનંતવાર નગ્ન મુનિ દિગંબર થયો, પંચ મહાવ્રત પાળ્યા હજારો રાણી છોડી, પણ સમ્યગ્દર્શન નહિં, એ રાગની ક્રિયાથી ધર્મ ( માન્યો ) પણ રાગથી ભિન્ન મારી ચીજ પ્રભુ છે. નવ તત્ત્વમાં રાગ છે એ તો પુણ્ય તત્ત્વ છે દયા, દાનનો, આત્મ તત્ત્વ તો જ્ઞાયક ભિન્ન છે. એનો અનુભવ સમ્યગ્દર્શન કર્યું નહિં. આહાહા ! એના વિના એણે દ્રવ્યલિંગ ધારણ કરીને પણ, કેટલીવાર દ્રવ્યલિંગ ધારણ કર્યા ? કે અનંતવાર. અને પછી પણ કેટલીવાર જન્મ મરણ કર્યા દરેક ક્ષેત્રે ? કે અનંતવાર. આહાહા ! સમજાય છે કાંઈ ? બધી વાત ફેરફારવાળી લાગે બાપુ શું થાય ? આહાહા !

અનંતવાર સાંભળવામાં આવી છે. અનંતવાર પરિચયમાં આવી છે. પાછો પરિચય કર્યો છે એવો સાંભળવાનો ને રાગનો, આહાહા ! અનંતવાર પરિચય એટલે સંભળાવનારા મળ્યા, એની પાસે અનંતવાર તેં આ પરિચય કર્યો છે. સત્ સમાગમ કરીએ, સત્ સમાગમ કરીએ( છીએ એમ માનીને ), એ અસત્ સમાગમ પણ અનંતવાર પરિચય કર્યો છે, તેં સત્ સમાગમને નામે. આહાહા ! એ રાગ અને પુણ્યના ભાવથી ધર્મ મનાવનારા, એનો તેં અનંતવાર પરિચય કર્યો છે. એણે તો અનંતવાર કર્યો છે. પણ એનો પરિચય તેં અનંતવાર કર્યો છે. આહાહા ! સત્ સમાગમ કરવો, સત્ સમાગમ કરવો એ સત્ સમાગમ એને અમે માનીએ, આહાહા ! દ્રવ્યલિંગ ધારણ કર્યું હોય, નગ્ન મુનિ હોય, હજારો રાણી છોડી હોય, પણ અંદરમાં રાગની એકતાથી ધર્મ માનતો હોય, અને એની પાસે અનંતવાર સાંભળ્યું એનો પરિચય કર્યો, સત્ સમાગમ કર્યો એટલે આવાને સત્ સમાગમ માન્યો. બહારથી ત્યાગ થયો અને પંચમહાવ્રત એ સત્સમાગમ એ સાધુ છે. બાપુ એ સત્ સમાગમ છે ? આહાહા !

એય ? એમાં છે, આમાં છે હોં ( ગાથામાં ). અનંતવાર પરિચયમાં આવી છે એ વાત. આહાહા ! તે એ સત્ સમાગમ માનીને અસત્ સમાગમ અનંતવાર કર્યો છે, કહે છે. આહાહા ! સમજાણું કાંઈ ? શાસ્ત્રમાં તો એ આવે કે સત્ સમાગમ કરવો, સત્ પરિચય કરવો, ત્યારે સાધુ થયો હોય ત્યાગી થયો હોય અને મુનિ થયો હોય બહાર, એ સત્ સમાગમ ? આહાહાહા ! એ તો અસત્ છે, સત્સંગ છે જ નહીં, અસત્ સંગ છે. ચાહે તો એ નગ્ન મુનિ થઈને દયા, દાન, વ્રત, ભક્તિથી ધર્મ મનાવતા હોય, એ બધા અસત્ સમાગમ છે, મિથ્યાદૃષ્ટિ છે. આહાહા ! એનો પણ તેં અનંતવાર પરિચય કર્યો છે, સત્ માનીને, આહાહા ! એમ કે આવા પરિષહ સહન કરે છે. એક આવ્યો હતો ને હમણાં ત્યાં કુરાવડ-કુરાવડ, ક્યાં ગયા ઝમનલાલજી ? કુરાવડ આવ્યા 'તા નહીં ઓલો ક્ષુલ્લક ક્ષુલ્લક અહીં આવ્યો હતો. એકલો વિદ્યાર્થી હતો ત્યારે અહીં આવ્યો 'તો, ક્ષુલ્લક થઈ ગયો પછી પ્યાલો ફાટી ગયો હતો વાત સાંભળે નહિં. પછી ચંદુભાઈ સાથે વાત કરે. મેં કીધું ભાઈ હું તો વાત કરવાને લાયક હું નથી હોં ? આટલા આટલા પરિષહ સહન કરે શું એ બધા સમકિતી નથી ? કહો આટલા પરિષહ, આટલા ઉપસર્ગ, નગ્નપણું, વસ્ત્ર નહિં. શિયાળાના પાણી, ઠંડીના કપડા નહિં આવું આટલું સહન કરે ને એ બધા સમકિતી નથી ? અરે પ્રભુ ! અહીં તો એ કહ્યું, જુઓને ? અનંતવાર પરિચયમાં એવા અસત્ સમાગમનો અનંતવાર તેં પરિચય કર્યો, અને તેનાથી તને સાંભળવા મળ્યું આવું રાગથી ધર્મ થશે અને પરંપરા પણ રાગથી કલ્યાણ થશે, આહાહા !

"અને અનંતવાર અનુભવમાં પણ આવી ચૂકી છે." તારા વેદનમાં, રાગનું વેદન અનંતવાર થઈ ગયું છે. શુભ રાગનું દયા–દાન–વ્રત ભક્તિનું વેદન એ રાગ છે એનો અનંતવાર તને અનુભવ થઈ ગયો છે, એ કોઈ નવી વાત નથી. આહાહા !

પહેલી ( શરૂની ) ગાથાઓમાં માલ માલ મૂક્યો છે. બારમાં સમાડી દેવું છે બધું. ( કહેછે ) અને અનંતવાર અનુભવમાં પણ આવી છે. શું કીધું ઈ ? કામ ભોગની કથા. રાગ કરવો અને રાગ ભોગવવો એનો અનુભવ પણ તને અનંતવાર થઈ ગયો છે રાગ કરવો અને રાગ ભોગવવો એ વાત સાંભળી છે તેં અનંતવાર. એનો તેં પરિચય પણ તેં અનંતવાર કર્યો. અને તારા અનુભવમાં પણ એ વાત અનંતવાર આવી ગઈ છે. આહાહાહા ! આવું છે.

મધ્યસ્થ રીતે એ શાસ્ત્રનું વાંચનેય કરે ને તો ખ્યાલમાંય આવે. તેમ શાસ્ત્રને કહેવી છે વીતરાગતા, ચારેય અનુયોગમાં કહેવાનો આશય તો વીતરાગતા છે. તો એ જ્યારે વીતરાગતા એમાં ન આવે અને રાગથી લાભ થાય એ આવે, એ કથા, વિકથા છે ધર્મ કથા નથી, પાપ કથા છે એ. આહાહા ! ભલે દસ દસ વીસ વીસ હજાર માણસ સાંભળતા હોય. જેમાં એમ મનાય કે આ વ્રત ને તપ ને ઉપવાસ–ભક્તિ ને મંદિરો કરવા ને એમાંથી તમારું કલ્યાણ થશે, એ વાત રાગની છે. ( અણુવ્રતના આંદોલન થાય ) હેં ? ( અણુવ્રતના આંદોલન થાય ) થયા ધૂળમાંય નથી, રાગના આંદોલન છે. આહાહા ! અનંતવાર અનુભવમાં આવી ચૂકી છે. આહાહા ! બહુ આકરી, પહેલી બીજી ત્રીજી ચોથી ગાથા જુઓ તો ખરા, આહાહા ! અમૃતનો સાગર ભગવાન, એને સાંભળ ને એનો પરિચય કર ને એનું વેદન કરને. આહાહા ! એ કહેવા માટે આ વાત છે. આ એટલું ( માત્ર ) કહેવા ખાતર શાસ્ત્ર નથી, હેં ?

આ છે એને છોડીને આત્મા ચૈતન્ય મૂર્તિ પ્રભુ છે, એનો સમ્યગ્દર્શન અને અનુભવ કર એનું જ્ઞાન કર અને એમાં ઠર. એ કહેવાનો આશય આ છે. અહીં આવો આવો કહીને પછી ઠરવાનું અંદરમાં લઈ જવો છે. જ્યાં ત્યાં રોકાવા માટે વાત કરતા નથી. રોકાયેલો તો અનંતકાળથી છે જ. આહાહા ! પણ હવે આ કહીને પ્રભુ તું આમ આવને અંદર, તારા ઘરમાં જાને, ઈ ઘરમાં જવા માટે આ વાત છે. આહાહાહા !

" કેવો છે જીવ લોક " આ જગતમાં જીવ કેવો છે ? અનંત જીવ છે ને ? એક જ જીવ નથી કાંઈ, એટલે જીવલોક ( કહ્યું છે ) આહા ! બધા જીવ. અનંતા જીવો કેવા છે ? " કે જે સંસારરૂપી ચક્રની મધ્યમાં સ્થિત છે " આહાહા ! જેમ ઘંટી હોય ને ઘંટી એનું મોઢું ( ખીલડો ) હોય ને ઘઉં નાખવાનું, ન્યાં ને ન્યાં પડયા હોય એ દળાય નહિ, આમ આઘા જઈને અંદર જાય તો દળાય. આહાહા ! એમ સંસારરૂપી ચક્રનાં મધ્યમાં પડયો છે. આહાહા ! છે ? ચક્રના મધ્યમાં સ્થિત છે. થોડા આઘે જઈને છેડે લાવવો એમ નહિં, બરાબર સંસાર ચક્રના રાગ અને પુણ્યના ભાવમાં બરોબર સ્થિત થયેલ છે ઈ જીવ. આહાહા ! સંસારરૂપી ચક્ર એટલે ? કે શુભ અને અશુભ ભાવ બેય સંસારરૂપી ચક્ર એકલો શુભેય નહિં અને એકલો અશુભેય નહીં.

શુભ અને અશુભ એવો સંસારરૂપી ચક્ર છે. કર્મ–કર્મ, આહાહા ! કર્મધારા, એકલી કર્મ ધારા, શુભ અને અશુભધારા એના મધ્યમાં સ્થિત છે. આહાહાહા ! આ જીવલોક, જગતનો પ્રાણી, અનાદિથી, આહાહા ! સંસારરૂપી ચક્ર, સંસરવું–ફરવું, ફરવું, પુણ્ય ને પાપ, પુણ્ય ને પાપ,

પુણ્ય ને પાપમાં ફર્યા જ કરે છે. આહાહા ! એના મધ્યમાં સ્થિત હોવાથી ' નિરંતરપણે ' જેને દ્રવ્ય એટલે જગતના પદાર્થો અનંતવાર સંબંધમાં આવ્યા, દ્રવ્યના પણ અનંત પરાવર્તનો લીધા, આ જગતના જે પરમાણુઓ છે આ શરીરાદિ અનંતા, એ એના સંયોગમાં અનંતવાર આવી ગયા, દ્રવ્યના પરાવર્તન અનંતવાર કર્યા. આહાહા ! સમુચ્ચય વાત છે. કેટલાંક એવા પડયાં છે, પણ આ જે કર્યા છે એ વાત કરવાની, બાકી કેટલાક તો પરમાણુ એવા છે, પરિભ્રમણમાં આવ્યાય નથી અડયાય નથી. એ વાત અહીં નથી લેવી, જેમ ઓલા નિગોદના જીવ કોઈ એ હજી તો સાંભળ્યું નથી ઈ વેદે છે એ સાંભળ્યું છે. એમ અહીંયાં કેટલાંક જીવો ઘણાં પરમાણુને અડયાય નથી એ નથી લેવું, પણ એ અડયા જ છે દ્રવ્યના પરાવર્તનમાં કારણકે એની શક્તિ મિથ્યાત્વની છે, તેથી અનંતા દ્રવ્ય પરાવર્તન કરે છે, કર્યા છે એમ કહેવું છે. આહાહાહા !

જીવલોક અનંત જીવલોક કેવો છે ? અજ્ઞાનીનો જીવલોક, આહાહા ! કે જેણે આ પરમાણુઓ અનંત અનંત પડયા છે લોક ઠાંસીને ભર્યો, આખો લોક પરમાણુથી ઠાંસીને ભર્યો છે. અહીંયા અનંતા અનંતા પરમાણુ ઠાંસીને ભર્યાં છે. આહાહા ! એ બધા પરમાણુનો પરાવર્તન તારા સંયોગના સંબંધમાં અનંતવાર દ્રવ્ય પરાવર્તન થઈ ગયું છે. આહાહા ! એવા પુદ્‌ગલો તારી પાસે અનંતવાર આવીને ગયા છે, આવીને ગયા છે, અનંત પરાવર્તન કર્યા છે. આહાહા ! પુણ્ય ને પાપના રાગમાં મધ્યમાં સ્થિર હોવાથી, આહાહા ! સંસારના જેટલા પરમાણુઓની સંખ્યા એ બધા તારા સંબંધમાં પલટો મારીને બધા પરાવર્તનથી આવી ગયા છે. આહાહાહા !

' દ્રવ્ય પરાવર્તન ' અનંત પરાવર્તન થયા છે. દ્રવ્યનાય અનંત પરાવર્તન, પરાવર્તન ( એટલે ) પલટો મારીને અનંતવાર રજકણો પાછા આવ્યા છે. આહાહા ! આ શરીરના રજકણો છે એ પહેલા આત્માના સંબંધમાં જ છે એમ નહિં. આવા રજકણો જે અનંતા છે એ બધા આત્માના સંબંધમાં દ્રવ્યપણે પરાવર્તનમાં આવી ગયા છે. આહાહા !

" ક્ષેત્ર પરાવર્તન " છે ? આ ચૌદ રાજલોક છે એનો કોઈ એક અંગુલનો અસંખ્યમો ભાગ પણ અનંતવાર ત્યાં જન્મ્યો મર્યો નહિં એમ નથી. ક્ષેત્રમાં અનંતવાર પરાવર્તન કર્યું છે. દરેક ક્ષેત્રે, જ્યાં સિદ્ધ ભગવાન બિરાજે છે, એ ક્ષેત્રે પણ અનંતવાર જન્મ્યો અને મર્યો છે. નિગોદના જીવ થઈને, આહાહા ! સિદ્ધ ભગવાન બિરાજે છે ત્યાં નિગોદના જીવ છે. સૂક્ષ્મ નિગોદ. આહાહા ! તો ક્ષેત્રના અનંત પરાવર્તન, આહાહા ! કેમકે ચૌદ બ્રહ્માંડ તો અસંખ્ય પ્રદેશી જ છે લોક, અને અનંત કાળથી દેરક ક્ષેત્રે અનંતવાર જન્મ્યો અને મર્યો છે. આહાહાહા ! સિદ્ધ ભગવાન રહે છે ત્યાં પણ અનંતવાર જન્મ્યો અને મર્યો છે નિગોદપણે, એવા અનંતા ક્ષેત્ર પરાવર્તન કર્યાં છે, આહાહા !

એમ " કાળ પરાવર્તન " અસંખ્ય ચોવીશી છે, એના એક એક સમયમાં અનંતવાર પરાવર્તન થઈ ગયું છે. આહાહા ! અસંખ્ય ચોવીશી છે, અસંખ્ય સમયની કાળની એનો પહેલો સમય, એમ એક એક સમયે અનંતવાર પરાવર્તન કરીને રખડી રહ્યો છે. એમ બીજો સમય, ત્રીજો સમય, ચોથો સમય એમ અનંત સમય. આહાહાહા ! અસંખ્ય પરિવર્તન એમાં અસંખ્ય સમય જ હોય. અનંત ન હોય. પુદ્‌ગલ પરાવર્તન અનંત હોય એમાં અનંત સમય હોય, ચોવીશી અસંખ્ય છે તો એક ચોવીશી એમાં સમય અસંખ્ય જ હોય. આહાહા ! દરેક દરેક સમયે

અનંતવાર, ક્ષેત્રના સંબંધથી પરિવર્તન કર્યું છે, પરિભ્રમણ કર્યું છે એણે. આહાહા ! કાળથી એકેક સમયમાં પણ, અનંતવાર આવ્યો છે પરિભ્રમણમાં, આહાહા ! અનંતકાળ ગયોને ? આદિ છે કાંઈ ? અહીંયા પૂરૂં થયું પણ આમ આદિ છે ? અનંત અનંત અનંત અનંત અનંત અનંત અનંત અનંત આમ હાલ્યું જ જાય છે ને. આહાહા ! એવા એકેક સમયમાં અનંતવાર પરાવર્તન કરીને અનંતી ચોવીશી ને અનંતા પુદ્‌ગલ પરાવર્તન કાળના કર્યા, આહાહા ! એ આ રાગના મધ્યમાં રહ્યો છે, શુભ અને અશુભ, શુભ અને અશુભ, આહાહા !

ભગવાન આત્મા રાગથી ભિન્ન છે, એની ખબરું કરી નહિં. એને ઓળખ્યો નહિં એને જાણ્યો નહિં. પ્રભુ, સર્વોત્કૃષ્ટ પરમાત્મા તો તારી પાસે જ બિરાજે છે ને પર્યાયની પાસે, તારી એટલે તું પર્યાયને માને છો, અને રાગને માને છો, તો એ રાગ ને પર્યાયની પાસે જ પ્રભુ બિરાજે છે આખો ( પૂર્ણ ). આહાહા ! સમજાણું કાંઈ ? પાસેનો અર્થ ? કે તું એક સમયની પર્યાય અને રાગ ઉપર તારી દૃષ્ટિ છે એથી તારી પાસે જ પ્રભુ ( દ્રવ્ય ) બિરાજે છે. આહાહા ! એને તું જોતો નથી, અને આવા રાગના અને વર્તમાન પર્યાયમાં અનંત અનંત અનંત કાળ–અનંત પરાવર્તન કર્યા છે. આહાહા !

થોડો અભ્યાસ જોઈએ ભાઈ, તો થોડુંક સમજાય, બિલકુલ અભ્યાસ ન હોય એને તો એવું લાગે કે આ શું છે ? આહાહા ! અભ્યાસ નહિં ને બહારની પ્રવૃત્તિમાં રોકાઈને, આહાહા ! જે વાત મૂળ છે એને પહોંચી વળવા માટે કાંઈ સાંભળવાનો વખત લેતો નથી. આહાહા ! અને આવામાં અનંતકાળ ગાળ્યો એમ કહે છે. આહાહા ! રાગ કરવો અને રાગ ભોગવવો, એવો જે અનંતી ચોવીશીમાં એકેક સમયમાં એવા અનંતા ભવ કર્યા, કાળનું પરાવર્તન કર્યું. આહાહા !

“ ભવ ” એક નરકના ભવ અનંતવાર કર્યા, મનુષ્યના ભવ અનંત વાર કર્યા, સ્વર્ગના ભવ અનંતવાર કર્યા, પશુના ભવ અનંતવાર કર્યા ( છે ). ભવ અનંતા કર્યા છે. આહાહા ! દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભવ અનંત પરાવર્તન કર્યા. હવે રહ્યો “ ભાવ ” શુભ અને અશુભ ભાવ પણ અનંત પરાવર્તન કર્યા. આહાહા ! ભલે નિગોદમાંથી નથી નીકળ્યા, એ જીવોએ પણ શુભ–અશુભ ભાવ અનંતવાર કર્યા છે. એમાં આવી ગયા કે નહિ ? આહાહાહા ! શુભ ભાવ અને અશુભ ભાવ એવા અનંતવાર પલટા મારીને ભાવ અનંતવાર કર્યા છે. આહાહા ! એ ( શુભાશુભ ભાવ ) કોઈ કાંઈ નવી ચીજ નથી. આહા ! એ કોઈ જીવનું સ્વરૂપ નથી. આહાહા !

જેમ સમસ્ત જીવલોક જે નીકળ્યા નથી એણે પણ સાંભળ્યું છે એમ કહેવામાં આવે. એમ અનંત જીવો નિગોદમાંથી બહાર નીકળ્યાં નથી, પણ છતાં શુભાશુભભાવપણે અનંતવાર પરાવર્તન કર્યું છે એણે, આહાહા ! એમાંથી નીકળ્યું ને ઈ ? આહાહા ! ફુલચંદજીએ કાઢયું ’તુંને પહેલું, તો એ આમાંથી નીકળ્યું. આ અનંત જીવો જે છે એ બધા જીવોએ શુભ અશુભ ભાવનું અનંતવાર પરાવર્તન કર્યું છે, આહાહા ! તો એમાં આ નિગોદના જીવ પણ આવી ગયા. આહાહાહાહા ! પહેલું ફુલચંદજીએ કાઢયું ’તું, ( કહ્યું હતું ) કે એકેંદ્રિયમાં પણ શુભભાવ છે. શુભઅશુભ શુભઅશુભ થાય છે. આમાંથી એ નીકળે છે. આહા ! અનંત જીવો જે હજી બહાર નીકળ્યા નથી, એણે પણ શુભાશુભ ભાવનું અનંતવાર પરિવર્તન કર્યું છે. શુભાશુભ ભાવના પરાવર્તન કરીને અનંતા પુદ્‌ગલ પરાવર્તન કર્યા છે. આહાહાહા !

શું સંતોની વાણી ગંભીર, ગંભીર ગંભીર અગાધ, થોડામાં ઘણું ઘણું ભરી દીધું છે! આહાહા! આ સિદ્ધાંત કહેવાય. આહા! જેમાં અનેક ભાવો થોડા શબ્દોમાં પણ પાર ન આવે, એવા ભાવો ભર્યા છે, છે તો એ ભાવ પુદ્‌ગલની પર્યાયમાં, જીવના ભાવો ન્યાં કાંઈ વાણીમાં નથી. પણ વાણીમાં જીવના ભાવો અને પોતાના ભાવોને કહેવાની શક્તિ છે. એથી વાણી એમ કહે છે કે શુભ અશુભ ભાવનું પરાવર્તન દરેક જીવે અનંતવાર કર્યું છે. આહાહા!

આખો કેવો છે જીવલોક એમ કહ્યું ને? આખો કેવો છે જીવલોક એમાંથી કોઈ બાકી નથી રાખ્યા ઓલા નિગોદના... ને આખો જીવલોક જે છે પરિભ્રમણના કરનારા એ બધાએ પુણ્ય અને પાપના ભાવ અનંતવાર પરાવર્તન કરીને, કરી ચૂક્યા છે. આહાહા! જેનાથી પુણ્ય બંધાય એવા શુભ ભાવ અને જેનાથી પાપ બંધાય એવા અશુભ ભાવ એ દરેક જીવલોકે અનંતવાર કર્યાં છે. એમ છે એમાં જુઓ, ગંભીર વાત છે પ્રભુ. આહાહા! ત્રણ લોકના નાથ જિનેશ્વર દેવ પરમેશ્વર, એની વાણીનું શું કહેવું? આહાહા! સંતો આવી વાતને બતાવે છે, છદ્મસ્થ. આહાહા! થોડામાં ઘણું કરીને બતાવ્યું છે. ત્રણ લોકના નાથની વાતને શું કહેવી. આહાહા! એના અલ્પ શબ્દોમાં તો ચૌદ બ્રહ્માંડ ને ત્રણ કાળ ત્રણ લોક જણાઈ જાય. આહાહાહા!

ભાવરૂપ અનંત પરાવર્તનને લીધે જેને ભ્રમણ પ્રાપ્ત થયું છે. આહાહા! દ્રવ્યના સંયોગનું ક્ષેત્રનું – કાળનું સમયે સમયે ઉપજવું ભવનું અને ભાવનું શુભભાવપણું એને લઈને શુભ અશુભભાવના પરાવર્તનને લઈને જેને ભ્રમણ પ્રાપ્ત થયું છે, ભ્રમણ પ્રાપ્ત થયું છે. આહાહા! જેમ ઓલો ગરીયો–ગરીયો નથી આવતો? ભમરડો. ભમરડો આમ મારે એટલે છોકરો કહે ઊંઘી ગયો, ઊંઘી ગયો એટલે એટલો ચક્કર ચડે, એટલો ચક્કરે ચડે કે ચકકર છે એ દેખાય નહિં. આ ભમરડો આમ ( ફરતો ) હળવો થઈ જાય ત્યારે તો આમ ફરતો દેખાય પછી એકદમ ફરતો હોય ત્યારે, આ પંખામાં શું છે? એ ફરે ત્યારે એના પાંખડા દેખાય જ નહિં. ચાર પાંખડા, એકદમ ફરે પંખો ત્યારે દેખાય નહિં. એકદમ, એકદમ ફરે તો દેખાય જ નહિં, આહાહા!

અહીં કહે છે અનંત પરાવર્તનને લઈને એને ભ્રમણ પ્રાપ્ત થયું છે. ભ્રમણ, ભ્રમણ ચકરાવે ચઢી ગયો છે. રખડવાના રસ્તે ચઢી ગયો છે. આહા!

વિશેષ કહેશે – પ્રમાણ વચન ગુરુદેવ.